॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી

વર્ષ - ૪૦ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ)
માનદ્ તંત્રી : મિનિષ પટેલ
VOL - 40, 2024-25
ISSUE-III
Published on Every 3 Months

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.








॥ ૐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥

રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
બહુજનહિતાય-બહુજનસુખાય

# "ગૅબી અવતરણનું વિમોચન"

- શશીકાન્ત પટેલ

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

વિક્રમ સંવત ૨૦૮૦ આસોવદ દશમ તા. ૨૬-૧૦-૨૦૨૪ ને શનિવારના રોજ ઓમ્ પરિવારના આધ્યાતમિક વડા સ્વયમ્ સિધ્ધ, યોગીરાજ પ.પૂ. સદ્દગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જન્મતિથી નિમિત્તે દર વર્ષની જેમ આ વરસે પણ પરમ્ ગુરુદેવ ઓમ્ પરમાત્માની અહેતુકી કૃપાથી તથા પ.પૂ. સદ્દગુરુદેવના અનંત આશીર્વાદથી ઓમ્ પરિવારના ઉપક્રમે સર્વ જીવ હિતાય-સુખાયના નિષ્કામ લોકકલ્યાણના શુભ આશયથી આધ્યાત્મિક મહોત્સવ "ઓમ્ જયંતિ"નું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના એક ભાગરૂપે પરમ્ ગુરુદેવ ઓમ્ પરમાત્માની અકલ્પનીય, અવર્ણનીય કૃપા થકી પ.પૂ. સદ્દગુરુદેવશ્રીમાં અવકાશમાંથી અવતરીત થયેલ અતૂલ્ય પ્રેરણાદાયી, મનુષ્ય જન્મ સાર્થક કરવામાં અતિ આવશ્યક અને સહાયક આધ્યાત્મિક રહસ્યોને ઉજાગર કરતા 'ગેબી અવતરણ' પુસ્તકનું વિમોચન શશીકાન્તભાઈ તથા ઉષાબહેના હસ્તે કરવામાં આવેલ.

વધુમાં વધુ જીવ-જગતનું કલ્યાણ કરવાનું મુખ્ય માધ્યમ એવા કલ્યાણકારી સત્‌સાહિત્યનો સમાજમાં વધુને વધુ પ્રચાર-પ્રસાર કરવાનો ગુરુજીએ જીવનપર્યંત મહાભગીરથ પુરુષાર્થ ઓમ્ પરમાત્મા દ્વારા થતી પ્રેરણા અનુસાર અવિરત કરતા રહ્યાં. ગુરુજીના આ મુખ્ય ઉદ્દેશ્યને વધુ ને વધુ આગળ ધપાવવા કટીબદ્ધ ઓમ્ પરિવાર ટ્રસ્ટના સર્વે સદસ્યોએ, આજના આ મહોત્સવમાં ગુરુજી દ્વરા લોકાભિમુખ સરલશૈલીમાં રજૂ કરાયેલ પરમ્‌જ્ઞાનની ગરીમાને અક્ષરદેહ આપતા ઓમ્ પરિવાર ટ્રસ્ટ થકી પ્રકાશિત થયેલ સર્વે પુસ્તકોને, જે પણ જિજ્ઞાસુ, મુમુક્ષુ તથા લોકકલ્યાણના નિષ્કામ શુભ આશયથી પ્રચાર પ્રસાર કરવાની જેમને પણ ખેવના હોય તે સર્વેને જે અને જેટલા જોઈએ એટલા પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવ્યાં.

**"ગૅબી અવતરણ" પુસ્તકની પ્રાથમિક માહિતી :**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય તો જ આપણી જય.

ઓમ્ પરિવારના આધ્યાત્મિક વડા સ્વયંસિધ્ધ, યોગીરાજ પ.પૂ. સદ્દગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજ વિક્રમ સંવત ૨૦૭૯ ફાગણ સુદ પાંચમ તા. ૨૪-૨-૨૦૨૩ ને શુક્રવારે પંચાણું વર્ષની ઉંમરે બ્રહ્મલિન થયા.

ગુરુદેવ સમગ્રજીવન પર્યંત મહામુક્ત પૂર્ણત્યાગી એવું વિરલ જીવન જીવતા જીવતા સર્વ

॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥

જીવ હિતાય-સુખાયના લોક-કલ્યાણના મહાભગીરથ કાર્યને નિષ્કામ ભાવે અનેક સાત્વિક માધ્યમ દ્વારા વણથંભ્યા અવિરત પ્રેમ પૂર્વક કરતા રહ્યાં. આપણે જાણીએ છીએ કે ગુરુદેવતો ઓમ્ પરમાત્માને સર્વાંગી સંપૂર્ણ સમર્પિત જીવન જીવી રહેલ. તેથી તેઓ જે કાંઈ કરતાં તે પોતની સ્વતંત્ર ઇચ્છાથી નહીં પરંતુ ઓમ્ પરમાત્માની પ્રેરણા અનુસાર જ કરતા રહ્યા. સમાજમાં ફેલાઈ સમાજને ખોખલો કરી નાખતા ઊધઈરૂપી વહેમો, ભ્રમણા, કુરિવાજ, અંધશ્રધ્ધા, મિથ્યાભિમાન, ક્ષણભંગુર ભૌતિક ભોગો કે જે અંતે તો દુઃખદાયક જ છે તેને પામવા અને ભોગવવાની લાલસા વગેરે જેવા અનેક અનિષ્ટ પરીબળોથી સૌ સમજણપૂર્વક મુક્ત થાય અને જીવનમાં સાચા શાશ્વત સુખ-શંતિને પામે, તે માટે નિત્યાનિત્ય, વિવેક-મર્યાદા, સંયમ-નિયમ, સત્ય-ધર્મ વગેરે જેવા અનેક સાત્વિક પરિબળો કે જે મનુષ્યજન્મ સાર્થક કરવામાં સહાયરૂપ છે તેને યથાયોગ્ય સમજે, જેથી તેને અનુરૂપ તૈલધારાવત પ્રેમપૂર્વક પરુષાર્થ થકી જન્મ સાર્થક કરે અને અન્યોને પણ તે માટે પ્રેરે. વધુમાં વધુ જીવ-જગતનું કલ્યાણ થાય તે જ ગુરુજીના જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલ અને તેમાં જ ગુરુદેવને સાચા આનંદની પ્રાપ્તિ થતી.

ગુરુજી મુખ્યત્વે નિષ્કામભાવે લોકકલ્યાણના શુભઆશયથી નિત્યાનીત વિવેકરૂપી સાચીસમજણનો પ્રચાર-પ્રસાર ઓમ્પરિવાર ટ્રસ્ટના માધ્યમથી સત્સાહિત્ય દ્વારા કરતા રહ્યાં. ઓમ્ પરમાત્માની અહૈતુકી કૃપા થકી અતિગૂઢ તાત્વિક, કલ્યાણકારી આધ્યાત્મિક રહસ્યોની પ્રેરણા ગુરુજીમાં સતત થયા જ કરતી. ગુરુજી લગભગ પંચવન-સાંઠ વર્ષ સુધી આ પ્રેરણાની થોડી ઘણી નોંધ એક ડાયરીમાં કરી લેતા. ગુરુજી બ્રહ્મલિન થયા પછી એ ડાયરી ગુરુજીના રૂમમાંથી મને મળી આવી. ઓમ્ પરમાત્માની અહૈતુકી કૃપા તથા ગુરુજીના અનંત આશીર્વાદથી આ ડાયરીનો આધાર લઈ **"ગેબી અવતરણ"** પુસ્તકનું સંકલન કરવાનો અમૂલ્ય લ્હાવો મને પ્રાપ્ત થયો. **"ગેબી અવતરણ"**નો અર્થ થાય અવકાશમાંથી પરમાત્માની કૃપા રૂપે અવતરેલ સૂક્ષ્માતિસૂક્ષ્મ ગૂઢ આધ્યાત્મિક રહસ્યોરૂપી અમૃતતુલ્ય જ્ઞાન. આ ડાયરી વાંચ્યાં પછી મેં તેનો આધાર લઈ પુસ્તક તૈયાર કરવાનું મનોમન નક્કી કરી લીધું. આ ડાયરીનો ઉલ્લેખ ગુરુજી અમેરિકા ગયા હતા ત્યારે ભરતભાઈ દેસાઈને કરેલો. જોગાનુજોગ આ ડાયરી મારી પાસે હોવાની જાણ ભરતભાઈ દેસાઈ (યુ.એસ.એ.)ને થતા મારા વિચારને અનુમોદન આપતા પુસ્તક તૈયાર થાય તો તે માટે પ્રયત્ન કરવા મને જણાવ્યું. મારા પરીવારજનોએ પણ તે માટે મને ખૂબ જ પ્રોત્સાહિત કર્યો. તથા ઓમ્ પરિવાર ટ્રસ્ટ સત્સાહિત્ય પ્રકાશક સમિતીના સર્વે સદસ્યોએ પૂજ્યશ્રીના ઉદ્દેશ્યને આગળ ધપાવવાના શુભ આશયથી ખૂબ જ ઉત્સાહપૂર્વક પ્રકાશિત કર્યું. લગભગ છ મહિનાના અથાગ પ્રેમપૂર્વકના પુરુષાર્થના ફળ સ્વરૂપ આજે ગુરુજીની જન્મતિથિના શુભદિને પુસ્તકનું વિમોચન સર્વજીવ હિતાય-સુખાયના નિષ્કામ શુભ આશયથી કરવામાં આવ્યું. આ પુસ્તક યોગસાધક, આધ્યાત્મિક જિજ્ઞાસુ, ગૃહસ્થી, ત્યાગી સર્વેને મનુષ્ય જન્મ સાર્થક કરવામાં ખૂબ જ પ્રેરક અને સહાયભૂત થશે જ એવો મને દૃઢ વિશ્વાસ છે.

ગુરુજી હવે આપણી વચ્ચે સદેહે હયાત નથી તો પરમાત્માની કૃપા થકી પ્રાપ્ત થયેલ ગુરુજીના રૂતમ્ભરા પ્રજ્ઞારૂપી અનુભવયુક્ત જ્ઞાનની ગરીમાને સચોટ અને સરળ રીતે રજૂ કરતું **"ગેબી અવતરણ"**

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

પુસ્તક હાલના સંજોગોમાં અંતિમ પુસ્તક ગણી શકાય. તો, આપણે સૌ ગુરુભક્તો આ પુસ્તકનો યથાશક્તિ બહોળો પ્રચાર-પ્રસાર આ પહેલા પ્રકાશિત થયેલ પુસ્તકોની જેમ અને જે ભાવનાથી કરેલ તેમ નિષ્કામભાવે ખૂબ જ પ્રેમ અને ઉત્સાહથી કરીશું તો ગુરુજીના સમગ્ર જીવનના સર્વ જીવ હિતાય-સુખાયના મુખ્ય ઉદ્દેશ્યને આગળ ધપાવવાનો અમૂલ્ય લ્હાવો તો પ્રાપ્ત થશે જ સાથે સાથે અનાયાસે જ પ્રાપ્ત થયેલ આ સુ-તકને ઝડપી લઈશું તો આપણા સત્કર્મોના ભાથામાં પણ અવશ્ય વધારો થશે જ, કે જે મનુષ્ય જન્મ સાર્થક કરવામાં આપણને સહાયરૂપ થશે. તો આ પુસ્તકનો બહોળો પ્રચાર-પ્રસાર અન્યોની સાથે સાથે આપણા પોતાના કલ્યાણ માટે કરી રહ્યા છીએ તેવી ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને ખંત-નિષ્ઠા-દૃઢતાપૂર્વક કરીએ તેવી આશા. પુસ્તકમાં લગભગ ૧૨૫ જેટલા પ્રેરણાદાયી લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ **"ગેબી અવતરણ"** પુસ્તકરૂપી ગાગરમાં આધ્યાત્મિક જ્ઞાનનો અખૂટ મહાસાગર સમાયેલો છે. તો તેનો આપણે સૌ લ્હાવો લઈએ અને અન્યોને પણ તે માટે પ્રેરીએ.

અસ્તુ, સર્વેને શશીકાન્ત પટેલના જય નારાયણ

## પૂજ્ય ગુરુજી સાથેના સંસ્મરણો

**સંકલન - શશીકાન્ત પટેલ**

સત્ય-ધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

શાળમાં વેકેશન પડે એટલે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજ સાથે શાંત-એકાંત-નૈસર્ગિક એવા જુદા જુદા સ્થાનમાં પરિવાર સહિત જવાનો કાર્યક્રમ ગોઠવાતો. ઘણાં વરસો પહેલા આવું જ એક સ્થાન ગંગાની ઝાંઝરી કે જેને ડાભાની ઝાંઝરી પણ કહે છે ત્યાં જુદા જુદા સમયે કુલ ચારેક વાર ગુરુજી સાથે જવાનો અને થોડા દિવસ રોકાવવાનો અમૂલ્ય લાભ મળેલો તેના અનુસંધાનમાં ઝાંઝરીનો એક પ્રસંગ રજૂ કરી રહ્યો છું.

એક વખત વેકેશનમાં ઝાંઝરી જવાનો કાર્યક્રમ નક્કી થયેલો. ગુરુજી સાથે હું (શશીકાન્ત) ઉષાબેન, બંને બાળકો હેતાંગ તથા આશિષ અને મારો નાનો ભાઈ હતા. તે સમયે ઝાંઝરી જવા માટે દિવસ દરમિયાન અમદાવાદથી 'મોટી ઝેર' ગામની એક જ બસ જતી. 'મોટી ઝેર' પહોંચ્યાં પછી લગભગ ચાર કિલોમીટર ચાલીને અથવા બળદગાડા કે ટ્રેક્ટરથી ઝાંઝરી જઈ શકાતું તે સિવાય બીજો કોઈ વિકલ્પ હતો નહીં. 'મોટી ઝેર'થી ઝાંઝરી જવાનો રસ્તો પણ ખરાબ હતો. વ્યવસ્થિત કોઈ રસ્તો કે કેડી હતી જ નહીં તેમ કહીએ તો યોગ્ય છે. 'મોટી ઝેર'થી ઝાંઝરી જવા માટે થોડું ચાલીએ એટલે દળવાળો રસ્તો શરૂ થઈ જાય. છેક ઝંઝરી પહોંચવા આવીએ ત્યાં સુધી દળવાળો રસ્તો હોય. દળના કારણે ચાલવામાં ખૂબ મુશ્કેલી અને શ્રમ પડે. અમે સાંજે પાંચેક વાગે અમદાવાદથી 'મોટી ઝેર' પહોંચ્યાં. ગુરુદેવ, નાના બાળકો તથા સામાન પણ ઠીક પ્રમાણમાં હતો ઉપરાંત ગુરુજી સાથે આમ કોઈપણ સ્થળે જવાનું થાય ત્યારે તેમની ખુરશી અવશ્ય સાથે લેતા જેથી ગુરુજીને સગવડતા રહે. તે સમયે ઝાંઝરીમાં પાણી સિવાય કાંઈ જ મળતું ન હોવાથી જરૂરી થોડું સીધુ સામાન તથા વાસણ સાથે લઈને જતા. ઝાંઝરી સાતેક દિવસ રોકાયા હતા. તે દરમિયાન દર બીજા દિવસે શાકભાજી,

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

ઉનાળો હોવાથી પાકી કેરી, નાસ્તો, ખૂટતું સીધું સામાન વગેરેનું ઉષાબેન પાસે બેસીને લીસ્ટ બનાવી સવારે વહેલો ચાલતો મોટી ઝેર ગામ જતો. ત્યાંથી ખરીદી કરી થેલો ભરી ખભે ઉંચકી લગભગ દશેક વાગે ઝાંઝરી પાછો આવી જતો. તે સમયે ઝાંઝરીનો કોઈ જ વિકાસ થયેલો નહીં. તે સમયે ત્યાં ચારેક રૂમની જૂની ધર્મશાળા અને રૂમની આગળ સળંગ મોટી પડાળી હતી. ત્યાં એક સન્યાસી રહેતા અને ધર્મશાળા સંભાળતા. ધર્મશાળાની આગળ મોટું મેદાન હતું તેની વચ્ચે ઘટાદાર પીપળનું ઝાડ હતું તેને ફરતે પણ ચોતરો બાંધેલો હતો. મેદાનને અડીને મહાદેવનું મંદિર હતું. રોજ સવારે પૂજારી આવી મંદિરની સફાઈ કરી પૂજા, આરતી કરીને જતા રહેતા. ધર્મશાળા અને મંદિરની આ વ્યવસ્થા ત્યાંના ટ્રસ્ટીઓએ કરી હતી. મંદિરની બહારના ભાગમાં ગૌમુખ બનાવેલ. જમીનમાંથી કુદરતી પાણીનો ધોધ તેની નીચે બનાવેલ કુંડમાં પડતો હતો. કુંડ પણ વ્યવસ્થિત બનાવેલ કે જેથી ત્યાં ન્હાઈ શકાય. કુંડ કાયમ ભરેલો રહેતોને વધારાનું પાણી કુંડમાંથી થોડે આગળ એક નાની નદી વહેતી હતી તેમાં ભળતું. તે નદી એકાદ કિલોમીટર આગળ જઈ વાત્રક નદીમાં વીલીન થઈ જતી. ઇલેક્ટ્રીક્સીટી હતી નહીં તેથી રાત્રે ફાનસથી ચલાવવું પડતું. સાવ એકાંત નીરવ શાંતિ વાળું સ્થાન હતું. ત્યાં કોઈ સ્થાયી વસ્તી નહીં. દિવસ દરમિયાન આજુબાજુના નાના ગામડાંના કોઈ કોઈ ચાલતા જતા આવતા વટેમાર્ગુ જોવા મળે તથા ઘેટા-બકરા ચરાવનાર જોવા મળે. વળી નદી કિનારો હોવાથી ખૂબ જ પ્રાકૃતિક પ્રદૂષણ રહિત વાતાવરણ હતું.

અમે 'મોટી ઝેર'થી જવા માટે બળદ ગાડું કર્યું હતું. ગાડામાં સામાન મૂકી અમે બેસી જઈ ઝાંઝરી જવા ઉપડ્યા. અડધો એક કિલોમીટર ગયા પછી ઢાળવાળો રસ્તો શરૂ થયો. ઢાળના કારણે બળદને ચાલવામાં તકલીફ પડવાથી ઝડપથી ચાલી શકતો નહીં. વચમાં-વચમાં ચાલતા તેના પગ પાછા પડતા હતા. તેથી ગાડાવાળો બળદને ઝડપથી ચલાવવા માટે લાકડીથી મારવા લાગ્યો. કેમ કે ગાડાવાળાને પણ અમને ઝાંઝરી ઉતારી અજવાળે-અજવાળે જ 'ઝેર' પાછા આવવાની ઉતાવળ હોય તે સ્વાભવિક છે. આ જોઈને કરુણાની જીવંતમૂર્તિરૂપે ગુરુદેવે ગાડાવાળાને કહ્યું કે ભાઈ ઊભો રહે બળદને મારીશ નહીં. એક તો આ ઢાળવાળો રસ્તો અને વળી ગાડામાં આટલો ભાર ખેંચીને બળદ ઝડપથી ક્યાંથી ચાલી શકે? ઉપરથી તું એને મારે છે તો મૂંગા પ્રાણીની શી હાલત થાય? પછી ગાડામાં હેતાંગ-આશિષ તથા સામાન રહેવા દઈ ગુરુદેવ અને અમે મોટા ગાડામાંથી ઉતરી ગયા. પછી ગુરુદેવે અમને બંને ભાઈઓને કહ્યું કે બળદ ચાલતા ખચકાય તો તમે ગાડાને પાછળથી ધક્કો મરજો કે જેથી બળદને ચાલવામાં મુશ્કેલી પડે નહીં. આ રીતે અમે ઝાંઝરી પહોંચ્યા. ધર્મશાળા અને બધું થોડું નીચાણમાં હોવાથી ગુરુજી ઢોળાવ ઉતરી ઝડપથી અમારી પહેલા ધર્મશાળા પાસે પહોંચી ગયા. અમે સામાન લઈ પછી પહોંચ્યાં.

ઝાંઝરીમાં રોકાયે બે દિવસ થયા હતા ત્યાં ધર્મશાળાના પગથિયાં પાસે ગુરુદેવે એક સુંદર નાના પક્ષીને અધમૂઈ હાલતમાં પડેલું જોયું. તેની સ્થિતિ ખરાબ હોવાથી ઊડી શકે તેમ હતું નહીં. ગુરુદેવે તેને હળવેથી ઉપાડી પોતાની રૂમમાં લઈ જઈ ખૂણામાં મૂક્યું. એક વાટકીમાં પાણી અને બીજી વાટકીમાં થોડું દૂધ લઈ તેમાં રોટલીના ઝીણાં ઝીણાં ટૂકડાં પલાળીને બંને વાટકી તેની પાસે મૂકી. સાથે સાથે એ વાતનું પણ સખત ધ્યાન રાખતા કે બારીમાંથી બિલાડી આવીને પંખીને મારી ન નાખે. આમ, ગુરુદેવે સતત બે દિવસ પંખીની સંભાળ લીધી. પંખી સાજુ થઈ ગયું, એટલે ગુરુદેવે તેને ધાબા ઉપર લઈ જઈ ઉડાડી મૂક્યું. આ પ્રસંગથી ભજનની પંક્તિઓ યાદ આવે છે કે -

*જગત આખાને કુટુંબ સમજે,*
*સર્વ જીવ રક્ષા માટે જો ધાય;*
*તો પછી બીજે શા માટે જાય.*

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

"વસુધૈવ કુટુમ્બકમ્"ની આદર્શ ભાવનાની જીવંત મૂર્તિ એવા ગુરુદેવ વિશ્વના સમસ્ત જીવને કુટુમ્બ સમજતા. તેમના કોમળ હૃદયમાંથી સર્વજીવ પ્રત્યે અનંત દયા, કરુણા,અનુકંપાનો અખૂટ સ્રોત સદાય વહેતો રહેતો. કોઈ પણ દુઃખી જીવનું દુઃખ જોઈ તેમનું કોમળ હૃદય સદાય દ્રવી ઊઠતું. તે જીવ દુઃખમાંથી મુક્ત થાય તે માટે સતત પ્રયત્નશીલ રહેતા. તેમ કરવામાં જો તેમને તકલીફ પડે તેમ હોય તો તેને નજરઅંદાજ કરી પરમાત્મા પ્રેરીત પોતાનો પ્રયત્ન પ્રેમપૂર્વક સદાય કરતા. જોકે હાલમાં ગુરુદેવ સદેહે આપણી વચ્ચે ઉપસ્થિત નથી પરંતુ તેમની સર્વવ્યાપક, દિવ્ય, અલૌકિક ચેતના સર્વજીવ ઉપર સતત કરુણા વહાવી જ રહી છે. તે નિઃશંક છે. આપણે પણ આપણા જીવનમાં "વસુધૈવ કુટુમ્બકમ્"ની ભાવનાના રંગે રંગાઈને તેને અનુરૂપ જીવીશું તો વિશ્વમાં સુખ-શાંતિમાં અવશ્ય વધારો થશે જ. આપણે ગુરુદેવનું સાંનિધ્ય સાર્થક કર્યું ગણાશે.

ઝાંઝરીમાં બીજી પણ અનુભૂતિઓ થયેલ તેની વાત ફરી ક્યારેક કરીશું.

- શશીકાન્ત પટેલના જય નારાયણ- જય ઓમ્ ગુરુદેવ.

# સમાધિ

- વિણેલા પુષ્પોમાંથી સાભાર

માનસિક ત્રાટકથી જે આકૃતિ જોઈ રહ્યા છીએ તે હવે સતત દેખાય છે. વચ્ચે વચ્ચે અન્ય દશ્યો નથી ઊપસી આવતાં. આવો અભ્યાસ દીર્ઘકાળ, અખંડપણે અને સત્કારપૂર્વક સતત ચાલી રહ્યો છે. આવા અભ્યાસમાં હવે એવી સ્થિતિ આવવા લાગે છે કે એ આકૃતિ દેખાતી સાવ બંધ થઈ જાય છે. નથી તો આકૃતિનું ભાન રહેતું કે નથી તો જોવાવાળાનું, બંનેનો લય થઈ જાય છે. તે વખતે અલૌકિક, દિવ્ય એકાગ્રતા જ બની રહે છે. તેમાં જ સ્થિર થઈ જવાય છે તેનું નામ **સમાધિ.**

સમાધિ એટલે મનુષ્યજીવનની પરિપૂર્ણતા, પૂર્ણશાંતિ, પૂર્ણસમાધાનનો જેમાં અનુભવ પ્રાપ્ત થાય તે.

**॥ તદાદ્રષ્ટુ સ્વરૂપે અવસ્થાનમ્ ॥**

સ્વરૂપસ્થ થવું તેનું નામ જ સમાધિ છે.

સમસ્ત ભૌતિકતામાંથી બહાર નીકળવાનો સ્વાનુભવ કરવા માટે તો સમાધિમાં પ્રવેશ કરવાનો છે.

**અંતમાં ફરી એક વાર પાકું કરી લઈએ.**

ચિત્તને શરીરમાં અમુક દેશમાં સ્થિર કરી દેવું તેનું નામ ધારણા. ધારણામાં એકતાનતા થઈ જવી તેનું જ નામ ધ્યાન જ્યારે મન ક્યાંયે, કોઈ જગ્યાએ ભાગે નહીં, જ્યાં ચોંટાડ્યું હોય ત્યાં એકતાન થઈને ચોંટેલું જ રહે.

ટૂંકમાં ધ્યાન અતિશય ગાઢ થાય ત્યારે તેને, કહે છે સમાધિ

**સમાધિ :**

યમ-નિયમ-આસન-પ્રાણાયમ-પ્રત્યાહાર-ધારણા અને ધ્યાન આમ, પાતંજલ યોગદર્શનમાં આઠ અંગોમાંથી સાત અંગોનો અભ્યાસ પરિપૂર્ણ થઈ જાય ત્યારે તેમાંથી જે હસ્તગત થયું, તેથી ચિત્તમાં એકાગ્રતા થઈ શકે એવો અધિકાર આવે, ગાઢ એકાગ્રતાનો અભ્યાસ કરી શકે જેઓ, સમાધિનો અનુભવ લઈ શકે તેઓ.

એકાગ્ર થયેલું ચિત્ત ત્યારે અતિઘણું નાનું અને અતિઘણું મોટું, અતિઘણું સૂક્ષ્મ અને અતિઘણું સ્થૂળ તે બધાને ખૂબ સારી રીતે સમજી શકે તેવો મન પર કાબુ આવી જાય છે. આવું સિદ્ધ-એકાગ્ર મન-ચિત્ત, આત્મામાં કે ઈન્દ્રિયોમાં કે વિષયોમાં જેમાં પણ લગાડવામાં આવે તેમાં શુદ્ધ સ્ફટિકમણિની જેમ તદ્રૂપ થઈને સમાધિસ્થ થઈ જાય છે, ત્યારે તેને સમાપત્તિ એટલે એકાગ્રતા અર્થાત્, સમાધિ કહે છે.

એકાગ્ર અવસ્થાને જ્યારે પ્રાપ્ત કરવી હોય ત્યારે પ્રાપ્ત કરી શકીએ, અને જેટલો સમય લંબાવવી હોય તેટલા સમય લંબાવી શકીએ ત્યારે તેને એકાગ્રતા કરવામાં પ્રવીણતા પ્રાપ્ત કરી કહેવાય.

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

# પુસ્તક પરિચય

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજ દ્વારા રચિત પુસ્તકો એ કોઈ વિદ્વતા દર્શાવવા કે લોકપ્રશંસા પ્રાપ્ત કરવા માટે રચાયેલા નથી. પૂ. શ્રીનું તમામ સત્સાહિત્ય એટલે જાણે તેઓશ્રીના નિજાનંદની મસ્તીનું સાકાર અક્ષરસ્વરૂપ, કે જેના થકી બહુજન-હિતાય-સુખાયનું પવિત્ર કાર્ય પણ સિદ્ધ થઈ જશે.

પૂ.શ્રી દ્વારા, સ્વાનુભૂતિપૂર્ણ ગ્રંથોની રચના એટલી સરળ ભાષામાં થઈ છે કે સર્વસાધારણ મનુષ્ય પણ આસાનીથી સમજી શકે.

પૂ.શ્રી. રચિત ગ્રંથો "જયનારાયણ ગ્રંથાવલી" તરીકે ઓળખાય છે. અત્યાર સુધીમાં, ગ્રંથાવલીના ચોવિસ પુષ્પોની રચના થઈ ચુકી છે.

- ડૉ. સદ્‌ગુરુ સમર્પણ ભિક્ષુ

### ગુરુમહિમા




પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુનો જીવનમંત્ર છે બહુજન હિતાય બહુજન સુખાય. પરમ ગુરુભક્ત શ્રી સવજીદાસ કૃત "ગુરુમહિમા" પદ્યનો એક એક શબ્દ જે ગુરુનિષ્ઠાથી તરબોળ, યોગરહસ્યથી ભરપૂર અને પરમતત્ત્વની ગુરુગોપનીયતાથી લદાયેલો છે. ગુરુ શબ્દનો અર્થ કેટલો વ્યાપક છે, તે પૂ. શ્રી યોગભિક્ષુજીએ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પરમ સિદ્ધ યોગમાર્ગના જ્ઞાતા સદ્‌ગુરુ તથા સતશિષ્યના ગૂઢ યોગરહસ્યના સંવાદસમી "ગુરુમહિમા" તથા "સદ્‌ગુરુની આરતી"ની સ્તુતિને શબ્દસહ સમજાવેલ છે. સહુ ગુરુભક્તને પ્રેરણાનાં પીયુષ પાતું, સાદ્યંત અભ્યાસથી આપણાં પ્રાચીન સંતોનાં ગૂઢ ભજનોને ઘણી સરળતાથી સમજાવી સાધકને અધ્યાત્મ માર્ગમાં ઘણી મદદ કરી આપતું પુસ્તક એટલે "ગુરુમહિમા".

---

### મુક્તા




મુક્તા એટલે મુક્ત થવું. મોક્ષની પ્રાપ્તિ થવી. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ બહુજન હિતાય બહુજન સુખાયના હેતુસર, મહર્ષિ શ્રી પતંજલીના પાતંજલ યોગદર્શન (સમાધિપાદ) પરનું આ ભાષ્ય છે. પૂ. શ્રીના સ્વાનુભવના પ્રતિબિંબનું આ ગદ્ય સ્વરૂપ છે. પૂ.શ્રીને થયેલ અનુભૂતિઓનું આ સાકાર સ્વરૂપ છે. યોગ માર્ગમાં પ્રગતિ ઇચ્છતા સાધકોએ ચિંતન-મનન કરવા જેવો આ ગ્રંથ છે. આ ગ્રંથ લોકોપયોગી બને તે હેતુથી સામાન્ય માણસને પલ્લે પડે તેવી સરળ ભાષામાં રચાયેલો છે. યોગના સાધકોનો આ ગ્રંથ માર્ગ સરળ બનાવે છે.

હર્ષ અને શોકને, હાની-લાભને ઈશ્વરનો ક્રમ જે જાણે.
ગુરુકૃપા એણે જ મેળવી, તેઓ જ મોજું માણે...

---

॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥

"શાન્તા"




પાતંજલ યોગદર્શનના સાધનપાદ તથા વિભૂતિપાદના સૂત્રોનો ભાવાર્થ 'શાંતા' પુસ્તકમાં સમજાવવામાં આવ્યો છે. શાંત થવામાં, પરમ શાંતિ પ્રાપ્ત કરાવવામાં જે મદદ કરે તે 'શાંતા'. આત્યંતિક સુખની પ્રાપ્તિ થાય ત્યારે જ સાચી શાંતિ મળે છે. મુક્તિ અને શાંતિ ઉંચામાં ઉંચિ પ્રાપ્તિ છે. હંમેશાં હમેશાં માટે દુખોનો અંત આવી જવો તે શાંતિ. નિયમિત સાધના કરવાથી શાંતિ પ્રાપ્ત થાય છે.

યોગના આઠ અંગોનું અનુષ્ઠાન કરવાથી અશુદ્ધિઓનો ક્ષય થાય છે. આઠ અંગો આ પ્રમાણે છે- યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને યમ કહેવામાં આવે છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાનને નિયમ કહે છે. યોગના આ આઠ અંગોનું પાલન કરવાથી કલ્યાણના માર્ગે આગળ વધી શકાય છે.

---

**મારા ગુરુદેવ**




જે સાધનાનુભૂતિઓના અક્ષય-અમૂલ્ય નિધિઓ ઉપર મૌનના વજ્ર કમાડો ભિડાવીને તે પર મહામૌનનાં તાળાં ઠબકારી દીધાં હોય છે. તેને પણ પ્રેમ - સમર્પણ - ધ્યાન દ્વારા ખોલાવી શકાય છે તેનું મારા ગુરુદેવ જ્વલંત દૃષ્ટાંત છે. પરમાત્માને પામવા માટેનો માર્ગ ગુરુ પાસેથી મેળવી શકાય છે. ગુરુજનો આપણને પ્રસાદ રૂપે જ્ઞાન આપે છે એવું કહેવાય છે કે ગુરુ વીના ગોવિંદ ન મળે.

'મારા ગુરુદેવ' પુસ્તકમાં ગીરનાર યાત્રામાં થયેલ સ્વાનુભવોનું કરવામાં આવ્યું છે. ગુરુપ્રેમીઓ પોતાના ગુરુદેવ પર શ્રદ્ધા રાખીને સત્કર્મ કરે તો સફળતા જરૂર મળે છે.

---

**ઈશ્વરની ઓળખ**



'ઈશ્વરની ઓળખ' - પુસ્તકમાં પાતંજલ યોગદર્શનના સૂત્ર-૨૪થી ૨૯ની સમજ આપવામાં આવી છે. યોગમાર્ગમાં તેમ જ ગુરુપ્રેમીઓને તે સહાયક છે.

ઈશ્વર વિષેની સાચી સમજણ મેળવવા માટે આ પુસ્તક વાંચવા સલાહ છે.

---

**મંત્રવિજ્ઞાન અને ધ્યાન**



મંત્રજાપ એ એક સરળ ઉપાય છે. મંત્રજાપ આપણે ગમે તે સમયે ગમે ત્યાં કરી શકીએ છીએ. મંત્ર અને ધ્યાનની સાચી માહિતી આપણને આ પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે. મંત્ર કેવી રીતે કરવો, તેની શરીર પર કેવી અસર થાય તે દર્શાવવામાં આવ્યું છે. ધ્યાનના બે પ્રકારમાં અંતર્મુખધ્યાન અને બહિર્મુખધ્યાન વિશેની સમજણ પ્રાપ્ત થાય છે. મંત્રજાપ કરવા માટે કોઈ ખર્ચ કે આહુતીની જરૂર નથી, તે એકદમ સરળ ઉપાય છે.

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

### "નિર્ઝર ઝર્યું કો ગેબથી"



આ પુસ્તકમાં માનવ, પૃથ્વી પરના કુદરતે આપેલ સંપત્તિ અને વ્યાવહારિક બુદ્ધિ-ક્ષમતાનો અણછાજતો ઉપયોગ કરી કેવી રીતે વિશ્વશાંતિને ડહોળે છે. પરિણામ સ્વરૂપ જગતમાં પ્રલય તથા આતંકવાદ જેવી વિનાશકારી આપત્તિઓને આમંત્રે છે.

"તુલસી હાય ગરીબ કી કબહું ન ખાલી જાય
મુએ ઢોર કે ચામસે લોહા ભસ્મ હો જાય."

બ્રહ્માંડમાં રહેલા અસમતોલનમાં કઈ રીતે સમતોલન સ્થાપી શકાય તેની સમજણ આપી છે.

---

### કિસકો લાગું પાય...?



ગુરુ અને ગોવિંદ બન્નેમાં કોની મહત્તા વધારે તથા આપણે ગુરુ શા માટે ઈચ્છીએ છીએ ? શા માટે તેમનું ચયન કરવાનું ? સદ્‌ગુરુને શોધી - પ્રાપ્ત કરીને આપણે તેમને શી રીતે સેવવા જોઈએ, તેની સમજણ ગુરુગીતાનો આધાર લઈ આપેલ છે. ગુરુપુર્ણિમાં, ગુરુપર્વની મહત્તા અને તદ-ઉપરાંત તેની ઉજવણી શા માટે અને શી રીતે કરવી જોઈએ તેની સમજ આપવાનો પ્રયાસ કર્યો છે.

---

### મારે સમાજને બેઠો કરવો છે



તે નાનકડું પુસ્તક સર્વે સેવકો અને કર્મયોગીઓ માટેની ગીતા સમાન છે. ૧. મોટા કોને કહેવાય? ૨. મારે એટલે કોણે ? ૨. સમાજને એટલે કોને? ૪. બેઠો કરવો છે એટલે શું કરવું છે ? ૫. સમાજને બેઠો કરવામાં મીનમંદિરોનો ફાળો.

આ બધાની સાચી સમજ આપતું પુસ્તક એટલે "મારે સમાજને બેઠો કરવો છે".

---

### 'પ્રેરણાસિન્ધુ'




પ્રેરણાસિન્ધુ પુસ્તકમાં આપણા તહેવારોની મૌલિક સમજ તથા સાચી ઊજવણી કેવી રીતે કરવી તે આપેલું છે. આપણા ધાર્મિક તહેવારોની સ્થૂળ ઉજવણીને છોડીને સૂક્ષ્મ રીતે ઉજવણી કરવાની સાચી સમજ પૂ. ગુરૂદેવશ્રી યોગભિક્ષુજીએ આ પુસ્તકમાં વર્ણવી છે. તહેવારોની ઉજવણી આપણા શારીરિક, માનસીક તથા સામાજિક ક્ષેત્રોમાં કેવી રીતે ફળદાયી તથા સુખરૂપી બની શકે તેની રજૂઆત ખુબ સુંદર રીતે આ પુસ્તકમાં કરેલ છે.

---

### કડવુ-અમૃત

પુજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ સમાજમાં સાચી સમજણ ઉજાગર કરવા ગુજરાત સમાચાર દૈનિકમાં પ્રેરણાબિંદુ શિર્ષક નીચે આપેલા લેખોનો સમુહ એટલે 'કડવું અમૃત'.

---




સંતો લખવા માટે નથી લખતા પરંતુ તેઓની કરુણા જ્યારે ભીતરમાં સમાઈ નથી શકતી ત્યારે તે; અક્ષરો, શબ્દો અને વાણીના માધ્યમથી બહાર નીકળવા મથે છે. તેમની કરુણતાના અશ્રુબિંદુઓ આ રીતે ટપકે છે.

જેમ બીમાર બાળકને કડવી દવા પીવડાવવાની કડવી જવાબદારી માને ઉપાડવી પડતી હોય છે, તેમ સમાજને "કડવુ અમૃત" પીવડાવવાની જવાબદારી સંતોએ ઉપાડવી પડતી હોય છે. આ પુસ્તીકા પણ તેનો જ એક નમુનો છે. કડવું અમૃતમાં ગુરુદેવશ્રીએ 'આશ્રમ' - એટલે, સાચો આશ્રમ ગૃહસ્થ આશ્રમ વિષે તેમજ ગુરુની શોધ - જેમાં સાચા ગુરુ કેવા હોય, સૌથી સહેલો સાક્ષાત્કાર જેવા મુદ્દાઓ લઈ સમાજમાં રહી આધ્યાત્મિક જીવન કેવી રીતે જીવી શકાય તેની સમજણ આપી છે.

**વિજળીના ઝબકારે**



પ. પૂ. ગુરૂદેવશ્રી યોગભિક્ષુજીના જ્ઞાન, તપ અને અનુભવોનો નિચોડ, એ ત્રણેયનો સમન્વય એટલે 'વિજળીના ઝબકારે'. પૂ. ગુરુજી દ્વારા બહાર પ્રગટ થયેલ સત્સાહિત્ય પત્રિકાઓનો આ સંગ્રહ છે. વિજળીના ઝબકારે મોતી પરોવવું - એક દુર્લભ ઘટના છે. પણ જો આપણે તે કરી શકીએ તો આપણા જેવો ભાગ્યવાન કોઈ નહીં. તેવી જ રીતે સંતોના જીવન-ચરિત્ર, વાણી-વર્તન તથા આશિર્વચનોને ખૂબ સારી રીતે પચાવી આપણા જીવનમાં ઉતારવું અને તેવું જીવન જીવવું, તે આપણા જીવન માટે સુખ શાંતિની નિશાની છે. 'વિજળીના ઝબકારે' એટલે કે સંતોના વચનોના મર્મને પામીને આપણા જીવનને સાર્થક કરવાનું છે.

# મંત્રવિજ્ઞાન

**ઓમ્કાર અને ગાયત્રીમંત્રનું ગુહ્ય રહસ્ય**

ઓમ્ (ૐ)ને ઈશ્વરવાચક કહ્યો છે. તસ્ય વાચકઃ પ્રણવઃ (તે (ઈશ્વર)નું નામ ઓમ્ (ૐ) છે). એને શબ્દબ્રહ્મ પણ કહ્યો છે. સંસ્કૃતના તમામ મૂળાક્ષરો કે જેની સંખ્યા બાવન છે, તેની ઉત્પત્તિ ઓમ્ માંથી થઈ છે. દુનિયાની કોઈપણ ભાષા કરતાં સંસ્કૃતનું મુલ્ય ઊંચું આંકવામાં આવ્યું છે. એનું મુખ્ય કારણ એ છે કે, દુનિયાની બીજી બધી ભાષાઓથી જેની સમજ નથી આપી શકાતી તેની સમજ સંસ્કૃત ભાષાથી સારી રીતે આપી શકાય છે.

સંસ્કૃત ભાષાના બાવન અક્ષરોમાંથી અમુક ચોક્કસ અક્ષરોને જ્યારે વિશિષ્ટ રીતે ગોઠવીને બોલવામાં આવે છે ત્યારે, તેમાંથી અમુક ચોક્કસ પ્રકારનાં સ્પંદનો ઉત્પન્ન થાય છે અને એ મંત્ર બોલતી વખતે તેનો જે લય નક્કી થયો હોય એ લય(રીધમ)થી સહેજ પણ ફેરફાર કર્યા વગર અમુક ચોક્કસ સમય (અનુષ્ઠાન) સુધી બોલવાથી, એની સાધકના શરીર પર તથા આજુબાજુના વાતાવરણમાં જોરદાર અસર થાય છે અને એ રીતે વાતાવરણમાં પણ સાત્ત્વિક સ્પંદનો દ્વારા સાત્ત્વિકતા ફેલાવી શકાય છે.

અખંડ જપયજ્ઞ તથા હવન-યજ્ઞ આદિ ક્રિયાઓ કરવા પાછળનું મુખ્ય કારણ વાતાવરણમાં સાત્ત્વિકતાનો વધારો કરવાનું છે. પરંતુ, જો મંત્ર એકસરખો, એકલય કે રીધમથી ના બોલાય તો તેના કારણે જે સાત્ત્વિક સ્પંદનો ઉત્પન્ન થાય છે તે એકસરખાં નથી હોતાં, પરંતુ તે તુટક-તુટક હોય છે, તેથી તે ધારી અસર ઉપજાવી શકતાં નથી. અખંડ જપયજ્ઞથી વાતાવરણમાં ઉત્પન્ન થતાં આંદોલનો ઘણે દૂર સુધી સચોટ અને જોરદાર અસર ઉપજાવે છે. આ આંદોલનો કેટલાં શક્તિશાળી હોય છે તે સમજવા માટે એક ઉદાહરણ લઈએ.

લશ્કર જ્યારે પરેડ કરતું હોય અથવા કૂચ કરતું હોય ત્યારે લશ્કરના જવાનો એક તાલથી ચાલતા હોય છે. આમ, એક તાલથી ચાલવાથી એક ચોક્કસ પ્રકારનો અવાજ

આપણે સાંભળી શકીએ છીએ. એ જ લશ્કરને જ્યારે કોઈ નદી ઉપરના પુલ ઉપરથી પસાર થવાનો પ્રસંગ આવે છે ત્યારે, તેનો કમાન્ડર હુકમ કરે છે કે, એક તાલ તોડીને સામાન્ય ચાલે ચાલી પુલ પસાર કરો. આમ કેમ? એક તાલથી ચાલતું લશ્કર જો પુલ ઉપર પણ તે જ રીતે ચાલે તો તેના કારણે જે સ્પંદનો વાતાવરણમાં ઉત્પન્ન થાય છે તેનાથી ક્યારેક ઘણા મજબૂત પુલ પણ તૂટી જવાની સંભાવના હોય છે. આ તો ભૌતિક સ્પંદનોની અસર કેટલી જોરદાર થાય છે તે સમજાવ્યું. તે જ રીતે કોઈપણ મંત્રને ચોક્કસ લયથી અખંડ રીતે જપવામાં આવે તો તેની કેવી અસર થાય તે સમજી શકાશે.

**મંત્રના પ્રકાર**

અનેક જાતના મંત્રો પ્રચલિત છે. એના મુખ્ય ત્રણ વિભાગ પાડી શકાય. (૧) કામમંત્ર, (૨) કામ-કલ્યાણમંત્ર અને (૩) કલ્યાણમંત્ર. ગાયત્રીમંત્ર કામ-કલ્યાણમંત્ર છે. પ્રણવ (ઓમ્) મંત્ર કલ્યાણમંત્ર છે. એ સિવાયના બીજા તમામ મંત્રોને કામમંત્રો કહી શકાય. કામ કહેતાં કામના અને કામના એટલે ઇચ્છા. જે મંત્રના જાપ કે અનુષ્ઠાનથી માત્ર ઇચ્છિત સંકલ્પો જ સિદ્ધ થાય પણ કલ્યાણ ન થાય તેને કામમંત્ર કહેવાય.

જેઓ શરીરભાવમાં જ રાચે છે, જેમની તાદાત્મ્યતા પંચમહાભૂત સાથે જ છે એમની બુદ્ધિ પણ કેવી અને કેટલી હોય? ભૌતિક પ્રાપ્તિ તરફની જ હોય. આપણી બધી જ ઇચ્છાઓ, કામનાઓ આપણું કલ્યાણ જ કરશે એવું નથી હોતું. કેટલીક ઇચ્છાઓ એવી પણ થતી હોય છે કે જેનાથી આપણે આપણું જ અકલ્યાણ કરી બેસતા હોઈએ છીએ. વેપારીને ત્યાંથી ખરીદેલી વસ્તુથી આપણને નુકસાન થશે કે ફાયદો તેની સાથે વેપારીને કાંઈ નિસબત નથી હોતી. તેવી જ રીતે કામમંત્રથી કામનાઓની પૂર્તિ ભલે થાય, પણ તે કામનાપૂર્તિ સાધકને માટે કલ્યાણકારી છે કે અકલ્યાણકારી, એની સાથે કામમંત્રને કાંઈ નિસબત હોતી નથી. ઇચ્છા પૂરી થવી એ એક વસ્તુ છે અને કલ્યાણ થવું તે બીજી વસ્તુ છે. મનુષ્યજન્મની સાર્થકતા કલ્યાણ પ્રાપ્ત કરવામાં છે, મોક્ષનાં દ્વાર ખોલવામાં છે. મોક્ષ માટે યોગશાસ્ત્રમાં 'કૈવલ્ય' શબ્દ પ્રયોજાયો છે.

ગાયત્રીમંત્ર એ કામ-કલ્યાણમંત્ર છે. તે ઇચ્છાઓની પૂર્તિ કરતો જાય અને સાથેસાથે કલ્યાણમાર્ગમાં પણ આગળ લેતો જાય. ગાયત્રીમંત્ર શ્રેષ્ઠ મંત્ર છે કારણ કે, એનાથી ઇચ્છાપૂર્તિ અને કલ્યાણ એમ બંને કાર્ય થાય છે. મનુષ્યના મનમાં રહેલી ઇચ્છાઓની જ્યાં સુધી પૂર્તિ થતી નથી, ત્યાં સુધી એ દુઃખી રહે છે અને ત્યાં સુધી તે કલ્યાણમંત્ર માટેનો અધિકારી નથી બની શકતો, અને જ્યાં સુધી અધિકારી નથી થયો ત્યાં સુધી એ પ્રણવ (ઓમ્) મંત્રને નથી જપી શકતો. કારણ કે, પ્રણવમંત્રના જાપથી ઇચ્છિત કામનાઓ પૂર્ણ થશે જ એવું કાંઈ નક્કી નહીં, પરંતુ એનાથી કલ્યાણ જરૂર થાય. આપણી અકલ્યાણકારી કામનાને - જે કામનાથી આપણું અકલ્યાણ થતું હોય તેને પ્રણવમંત્ર પૂરી ન થવા દે. આ વાતને એક દૃષ્ટાંતથી સમજીએ.

પગારમાં વધારો કરવાની ઇચ્છાથી પ્રણવમંત્રના જપ કરતા હોઈએ તે દરમ્યાન જો નોકરી છૂટી જાય, તો ખૂબ દુઃખ થાય અને તેથી નાસ્તિક બની જઈએ. પરંતુ, ભવિષ્યમાં ખબર પડે કે નોકરી છૂટી ગઈ હતી તે તો સારું થયું હતું. જે મકાનમાં આપણે નોકરી કરતા હતા તે મકાન તૂટી પડવાથી તેમાં કામ કરનારા બધા જ દટાઈને મરી ગયા હતા. જો આપણી નોકરી ચાલુ હોત, તો આપણે પણ દટાઈને મરી ગયા હોત. પ્રણવમંત્રના જપના કારણે જ નોકરી છૂટી ગઈ અને તેથી બચી ગયા. પરંતુ, જ્યારે નોકરી છૂટી ગઈ હતી ત્યારે આ રહસ્ય સમજાયું ન હતું. નોકરી છૂટી જવાનું અણગમતું ફળ આપીને પ્રણવ-જાપે આપણું કલ્યાણ જ કર્યું.

કામમંત્રથી ભલે ઇચ્છાની પૂર્તિ થાય; પરંતુ, એ પૂર્તિથી સાધકનું અકલ્યાણ પણ થઈ શકે, એનાથી મોટું દુઃખ પણ આવી પડે. ગાયત્રીમંત્રથી પ્રણવમંત્રનો અધિકાર પ્રાપ્ત થાય. પ્રણવમંત્ર માટે અધિકારી થવું પડે. અધિકારીપણું એટલે એવી સમાધાનવૃત્તિ કે "જે કાંઈ પણ થઈ રહ્યું છે તે સારા માટે થઈ રહ્યું છે. પરમાત્મા જે કાંઈ કરે છે એ સારા માટે જ

કરે છે." એવી માન્યતા જ્યારે થઈ જાય ત્યારે પ્રણવ (ઓમ્-ૐ) મંત્રના જપના અધિકારી થયા કહેવાઈએ.

**ગુરુજાપ**

ગુરુજાપને બેત્રણ રીતે સમજવાનો છે. (૧) એક તો શિવ, શિવ, શિવ અથવા કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ અથવા ગુરુ, ગુરુ, ગુરુ કે ઓમ્ ગુરુ ઓમ્, ઓમ્ ગુરુ ઓમ્ ના જાપ કરીએ તો એ ગુરુજાપ થયો કહેવાય. (૨) બીજા પ્રકારના જાપમાં ગુરુ તરફથી જે મંત્રની પ્રાપ્તિ થાય અને તેનો જાપ કરવામાં આવે તેને પણ ગુરુજાપ કહેવાય. (૩) ત્રીજા પ્રકારના જાપમાં બે પ્રકારમાંથી એકેયનો સમાવેશ થતો નથી. નથી તો શિષ્ય પોતાની સૂઝ પ્રમાણે જાપ કરતો કે નથી એને કોઈ જાપ ગુરુ તરફથી પ્રાપ્ત થતો. એને તો સત્સંગમાં ગુરુનો જે ઉપદેશ સાંભળ્યો અને એમાંથી પોતાને જે સારું લાગ્યું એને એ પોતાના જીવનમાં ઉતારવાની કોશિષ કરે છે, અને સાથે સાથે એ ઉપદેશનો પોતે પોતાના વર્તુળમાં સતત પ્રચાર કરતો રહે છે. તો આ રીતે સદ્‌ગુરુના ઉપદેશમાંથી કાંઈક ગ્રહણ કરી એનો પ્રચાર કરવો એ પણ 'ગુરુજાપ' કહેવાય છે.

આમ, ત્રણ પ્રકારના ગુરુજાપ છે. ગુરુજાપ એટલે લઘુજાપ નહીં. ગુરુજાપ એટલે ભારે જાપ, વજનદાર-મૂલ્યવાન જાપ, જે કરવાથી પરમતત્ત્વની કંઈક સમજ પ્રાપ્ત થાય એ ગુરુજાપ. જેમાં આત્મા અને પરમાત્માનું જ્ઞાન ઠસોઠસ ભરેલું હોય તે ગુરુજાપ.

**મંત્રજાપનું સૂક્ષ્મ વિજ્ઞાન**

આપણા ઋષિમુનિઓએ, ગુરુજનોએ, સંતજનોએ અસીમ કૃપા કરીને જે મંત્રો, ધાર્મિક ક્રિયાઓ, સ્વાધ્યાયો આપણને આપ્યાં છે તે ખૂબ જ વિચારીને, ચિંતન-મનન કરીને આપ્યાં છે. તેમાં લોકકલ્યાણના ખૂબ જ સૂક્ષ્મ વૈજ્ઞાનિક સિદ્ધાંતોને આવરી લેવામાં આવ્યા છે. સામાન્ય જીવો અમૂલ્ય લાભથી વંચિત રહી ન જાય એ માટે વૈજ્ઞાનિક રહસ્યો અને સિદ્ધાંતોને ધાર્મિક વિધિમાં આવરી લીધાં છે. જેથી સામાન્ય જીવો પણ ધાર્મિક પ્રવૃત્તિમાં રસ લે અને તેના આચરણથી શારીરિક તથા માનસિક ઉન્નતિ સાધે.

દા.ત. વાચિક જાપ. કોઈપણ સાધક પ્રાણાયામની પદ્ધતિથી પૂરેપૂરો વાકેફ ના હોય અને પ્રાણાયામ કરવા માંડે તો પ્રાણાયામથી જે ફાયદો થવાનો હોય તે તો ના જ થાય, પરંતુ તેના બદલે યોગ્ય રીતે પ્રાણાયામ ન થવાને કારણે શરીરમાં વિકૃતિ ઉત્પન્ન કરી બેસે. પ્રાણાયામના અનેક લાભો છે, પરંતુ મનુષ્ય આપમેળે પ્રાણાયામ કરી શકતો નથી. વળી, પ્રાણાયામમાં પ્રખર ધીરજ તથા શ્રદ્ધાની જે જરૂર છે તે સર્વ કોઈ માટે સુલભ નથી. વળી, પ્રાણાયામના પ્રખર અભ્યાસી, પ્રાણાયામના પૂરેપૂરા જાણકાર શ્રદ્ધેયજનો મળવા પણ મુશ્કેલ છે, કે જેમની પાસે શાંતિથી બેસી, ખૂબ જ ધીરજ રાખીને પ્રાણાયામની ક્રિયાને બરાબર શીખીને તે પ્રમાણે પ્રાણાયામ કરી શકાય. આવા પ્રકારની અનેક મુશ્કેલીઓની વચ્ચે પણ વત્તાઓછા પ્રમાણમાં પ્રાણાયામનો લાભ વાચિક જાપથી અભયપણે મેળવી શકાય છે.

આપણા પૂજ્યજનોએ આપણી ઉપર કૃપા કરીને, અનંત કૃપા વરસાવીને આપણી સમક્ષ અમુક મંત્રો મૂક્યા. તે મંત્રોનો યોગ્ય રીતે વાચિક જાપ કરવાથી, યોગશાસ્ત્રમાં વર્ણિત બહિર્કુંભક આપોઆપ જ થાય છે. કોઈપણ વાચિક જાપ યોગ્ય રીતે થાય છે ત્યારે બહિર્કુંભક તથા ઉડ્ડયાન બંધ સંપૂર્ણપણે અનાયાસે જ થાય છે. જો મંત્રજાપના ઉચ્ચારો તથા લય યોગ્ય ન હોય તો તેથી તેટલો લાભ ઓછો મળે છે. પણ વાચિક જાપથી ઓછોવત્તો લાભ તો થાય જ, નુકસાન તો થતું જ નથી.

આમ, વાચિક મંત્રજાપથી પ્રાણાયામની તથા ઉડ્ડયાન બંધની પ્રાપ્તિ થાય છે. મૂલ બંધ, જાલંધર બંધ અને ઉડ્ડયાન બંધ, આ ત્રણ બંધોમાં ઉડ્ડયાન બંધને મૃત્યુરૂપી હાથીને હણનાર કેસરી-સિંહની ઉપમા આપી છે. 'મૃત્યુમાતંગ કેસરી', મૃત્યુ પણ દૂર ભાગે એવી તેનાથી શારીરિક શુદ્ધિ થાય છે તેમજ તંદુરસ્તી વધે છે. શારીરિક તંદુરસ્તી હોય તો જ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધી શકાય છે. આમ, વાચિક જાપથી અલ્પજ્ઞ પણ મૂળ લાભને પ્રાપ્ત કરી શકે છે. જે આપણી સમજશક્તિની બહારની વાત છે તેને આ રીતે અનાયાસે કરી શકીએ છીએ.

(વધુ આવતા અંકે)

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

# ગંગેશ ગંગોત્રીની યાત્રાએ

સંકલન : શેખર પટેલ

(ગતાંકથી ...)

બધા આશ્રમોનાં દર્શન કરી પાછા 'હર કી પૌડી' પાસે આવ્યા. પૂજ્યશ્રીએ કહ્યું કે "અહીંની આરતી સમયે લોકો જે દીવા મૂકે છે. તેમાં માત્ર ફૂલ નથી હોતાં. પરંતુ આરતીમાં સોનું-ચાંદી અને દ્રવ્ય મૂકે છે. તેઓ મૃતાત્માની શાંતિ અર્થે આ દીવા અને દ્રવ્ય પધરાવે છે. અહીંના રહેવાસી આ દીવામાંના પૈસા મેળવે છે. અહીં પેઢી તરફથી થોડા થોડા સમયના અંતરે લંગરમાં ભોજન કરવા જવાની સૂચના લાઉડસ્પિકર દ્વારા અપાય છે તેથી અહીંના ભૂખ્યા ગરીબો યાત્રાળુઓ પાછળ ભિક્ષા માટે ફરતા નથી. કારણ કે તેમને બે વખત ભરપેટ ખાવાનું મળી રહે છે." પૂજ્યશ્રી પાસેથી આવાં રહસ્યો જાણ્યા બાદ અમે નાસ્તો કર્યો. ત્યાંથી અમારા ઉતારે આવી, પ્રણવવંદના ગાઈને અમે સૌ સૂઈ ગયા.

ગંગાજીના કિનારે વસેલા હરદ્વારમાં અમે પ.પૂ.ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના સાંનિધ્યથી અનેરા આનંદ અનુભવતા હતા.

તા.૨૬-૫-૯૦ રોજ વહેલી સવારે જ નિત્યકર્મથી પરવારી અમે સૌએ પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં પ્રણવવંદના, પ્રણવઅષ્ટક અને પ્રણવ-જપ-મહાત્મ્યનો પાઠ કર્યો. પાઠ ગાઈને બધા મનસાદેવીનાં દર્શને જવા નીકળ્યા. રોપ-વેમાં બેસવા લાઈનમાં ઊભા રહ્યા. પરંતુ વધુ મોટી લાઇન જોઈ પૂજ્યશ્રીએ આગળ વધવાનો ઇશારો કર્યો. ત્યાંથી અમે ગુરુ ગોરખનાથની ગુફાનાં દર્શન કરવા ગયા. ગુફામાં અમે છેક અંદર ગયા. પૂજ્યશ્રીની આજ્ઞાથી બધા અંદર બેસી ગયા. ગુફા ખૂબ જ નાની હોવાથી બધા સંકડાઈને બેઠા. અમે પ્રણવવંદના ગાઈ બધા બહાર નીકળ્યા. ત્યાં આવેલ શંકરના પારદ(પારા)ના લિંગની પાસે ઊભા રહી પૂજ્યશ્રીએ ફોટો પડાવ્યો. ત્યાંથી સીધા કાર્યાલયમાં ગયા. પૂજ્યશ્રીને મળી ત્યાંના મહંત ખૂબ ખુશ થયા. પૂજ્યશ્રીને આ સ્થાનમાં રહેવું હોય તો બધી સગવડ કરી આપવાની ત્યાંના મહંતે ખાતરી આપી. ત્યાંથી નીકળી અમે સૌ ગંગાઘાટે ગયા. જ્યાં ઓછામાં ઓછી અવરજવર હોય એવી જગ્યા પસંદ કરી અમે બેઠા.

જેમને ગંગા-સ્નાન કરવું હોય તેમને સ્નાન કરવાની પૂજ્યશ્રીએ છૂટ આપી. પૂજ્યશ્રીએ પણ સૂર્યદેવને અર્ધ્ય આપી સ્નાન કર્યું. ગુરુભાઈ બિપીનભાઈ પ્યાલા વડે સ્નાન કરતા હતા, સ્નાન કરતાં કરતાં તેમનાથી પ્યાલો પડી ગયો. અને તણાઈ ગયો. સૌએ સ્નાન પૂરુ કર્યું. ત્યાં જ આકાશમાં વાદળો ઊમટી આવ્યાં. થોડા સમયમાં જ જોરદાર આંધી સાથે વરસાદ તૂટી પડ્યો. અમે સૌ બાજુમાં આવેલ એક સંન્યાસિની બેનની કુટીરમાં બેસી ગયા. પંકજભાઈએ મને પૂછ્યું "શેખરભાઈ! વરસાદ હજી કેટલા સમય સુધી આવશે?" મેં કહ્યું, "પૂજ્યશ્રી બેઠા છે, આગાહી ના થાય." પંકજભાઈ કહે "વાંધો નહીં, પૂજ્યશ્રી માફ કરી દેશે. કહો તો ખરા." મેં પંકજભાઈને કહ્યું કે વરસાદ દસ મિનિટ પછી બંધ થઈ જશે. પૂજ્યશ્રીની અનહદ કૃપાને કારણે વરસાદ દસ મિનિટ પછી અટકી ગયો. આ જ સાચી ગુરુકૃપા! સંન્યાસિનીની કુટીરથી નીકળી અમે બધા ગુજરાતી સમાજમાં જમવા ગયા. અમારી સાથે પૂજ્યશ્રી પણ જમ્યા. જમ્યા બાદ અમે ઉતારે પાછા આવ્યા અને આરામ કરવા લાગ્યા.

સાંજે અમારી બજારમાં જવાની ઇચ્છા હતી. અમે પૂજ્યશ્રીની આજ્ઞા લેવા ગયા. પૂજ્યશ્રીએ નિજાનંદમાં આવીને કહ્યું, '' તમે બધા બજારમાં ખરીદી કરવા જાઓ છો તો અમે પણ કેમ ન આવીએ ? અમે પણ આવીશું'' પૂજ્યશ્રી પણ અમારી સાથે બજારમાં આવ્યા. સૌએ બજારમાંથી ઇચ્છિત વસ્તુઓ ખરીદી. બજારમાંથી નીકળી અમે સૌ હરકી પૌડી ઉપર ગયા. રોજની જગ્યાએ બેઠા. પૂજ્યશ્રીએ મને આરતી સમયે ગંગાજીમાં મૂકવા માટેના દીવા લાવવા જણાવ્યું હું વ્યક્તિ દીઠ એક દીવો આવે તેટલા દીવા લઈને પાછો આવ્યો. પૂજ્યશ્રીએ દરેકને સ્વહસ્તે એકેક દીવો આપ્યો. સૌએ તે દીવા નદીમાં પધરાવ્યા. પૂજ્યશ્રીનો દીવો તેઓની આજ્ઞાનુસાર ડોકટર ભિક્ષુજીએ પધરાવ્યો. થોડા સમય ગંગાકિનારે ધ્યાનમગ્ન થઈને બેઠા. પાછા ફરતાં બજારમાંથી કી-ચેઇનનાં સિત્તેર નંગ લીધાં અને દરેક કી ચેઇન ઉપર 'ઓમ્ ગુરુ ઓમ્' મંત્ર લખાવ્યો.

બજારમાંથી નીકળી અમે ચોટીવાલા રેસ્ટોરન્ટમાં ખાવા માટે ગયા. સૌએ ઇચ્છાનુસાર ઢોંસા અને પંજાબી ભોજન મંગાવ્યું. બધું ખાવાનું ઠંડું હતું અને સ્વાદ તથા ગુણવત્તા પણ ખૂબ નીચી કક્ષાની હતી. અમને સૌને ઘણો ગુસ્સો આવ્યો. પૂજ્યશ્રી પણ અકળાઈ ઊઠ્યા અને ડોક્ટરભિક્ષુ સાથે આશ્રમે જતા રહ્યા. અમે પણ જેમતેમ કરીને ખાવાનું પૂરું કરી આશ્રમે પહોંચ્યા. પ્રાર્થના કરી સત્સંગ કરતા કરતા સૌ સૂઈ ગયા.

તા.૨૭-૫-૯૦ના દિવસે અમે સવારે મનસાદેવીનાં દર્શને જવા નીકળ્યા. રોપ-વે માટે ઘણી લાંબી લાઇન હતી. વળી લાઇનમાં પણ ક્યાંક ક્યાંક ઝઘડા ચાલુ જ હતા. ગુંડાગર્દી પણ ચાલતી હતી. આ બધું જોઈ અમે પગપાળા દર્શને જવાનું નક્કી કર્યું. ખાસ્સું ચઢાણ હતું પરંતુ વાતો કરતા કરતા સૌ ઉપર પહોંચી ગયા. પહેલાં શીતળા માતાના મંદિરે દર્શન કર્યાં. મંદિરની દીવાલ ઉપર બીજા દર્શનાર્થીઓ ચાંલ્લા ચોંટાડતા હતા. કઈ ભાવનાથી સૌ ચાંલ્લા ચોંટાડતા હશે? ત્યાંથી મનસાદેવીના મંદિરમાં દર્શન કર્યાં. મહાદેવના મંદિરમાં પણ અમે દર્શનાર્થે ગયા. મંદિરમાંથી નીકળી બુકસ્ટોલ પર આવ્યા. પૂજ્યશ્રીએ બરાબર ચકાસણી કરી થોડાં પુસ્તકો ખરીદ્યાં વધુમાં હનુમાનચાલીસાની થોડી પુસ્તિકાઓ ખરીદી અમને બધાને એકેક ભેટ આપી. આહાહા....! પૂજ્યશ્રીએ કેવું અદ્ભુત સૂચન કર્યું! હનુમાનજીની માફક બ્રહ્મચર્ય પાળવાનું સૂચન તો નહીં હોય ને?! પહાડી ઉપરથી અમે ચાલતા ચાલતા નીચે આવ્યા. રસ્તામાં અમે લીંબુનું શરબત પીધું. નીચે આવી અમે સૌએ પૂજ્યશ્રી સાથે પ્રસાદ લઈને ઉતારે પાછા આવ્યા.

બપોરે આરામ કર્યો. સાંજે ત્રણ ગુરુભાઈ દિલ્હી જવા માટે ટેક્સીનું નક્કી કરવા ગયા. બાકીના સૌ પૂજ્યશ્રી સાથે 'હરકી પૌડી' ગયા. ગંગાકિનારે બેસીને પૂજ્યશ્રીએ કહ્યું ''આપણે બધા આધ્યાત્મિક પ્રવાસે નીકળ્યા છીએ. આજે હરદ્વારમાં આપણો છેલ્લો દિવસ છે. ગંગાકિનારે બેસીને આજે તમે સૌ ઇચ્છાનુસાર શુભ સંકલ્પ કરો.'' સૌએ પૂજ્યશ્રીને મનોમન વંદન કરી શુભ સંકલ્પ કર્યો. સાંજે સૌ આશ્રમમાં પાછા ફરી સામાન પેક કરવા લાગ્યા. રાત્રે પ્રણવવંદના ગાઈને સૂઈ ગયા.

તા.૨૮-૫-૯૦ ના દિવસે અમે સવારે સાડા ચાર વાગ્યે ઊઠી ગયા. નિત્યકર્મથી પરવારી સામાન લઈને નીચે આવી ગયા. સામાન ઘણો હોવાથી અમારે બે ના બદલે ત્રણ ટેક્સી કરવી પડી. આ કારણે ઘણું મોડું થઈ ગયું. બરાબર દસ વાગે અમે હરદ્વારથી નીકળ્યા. રસ્તામાં એક ઠેકાણે અમે બપોરનું ભોજન લીધું. સખત ગરમી લાગતી હતી. આવી ગરમીમાં મુસાફરી કરતા કરતા બપોરે ચાર વાગ્યે અમે દિલ્હી પહોંચ્યા. દિલ્હીમાં અમે શ્રી અમૃતભાઈને ઘેર ગયા. અમૃતભાઈના ઘેર બધી જ તૈયારી થયેલી હતી. પૂજ્યશ્રી આરામ કરવા માટે તેઓના રૂમમાં ગયા. થાક્યા થાક્યા

॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥

પણ સૌ યાત્રા-પ્રવાસની વાતો અમૃતભાઈને કહેવા લાગ્યા.રાત્રે અમદાવાદથી ડૉ. ભિક્ષુને ઘેરથી ફોન આવ્યો. અમે સમાચાર આપી દીધા કે તા.૩૧-૫-૯૦ ના દિવસે અમે અમદાવાદ પહોંચીશું.

અમૃતભાઈ તથા તેમનાં ધર્મપત્ની મધુબેને પૂજ્યશ્રીનું પૂજન (ગુરુપૂજન) કર્યું અને આરતી ઉતારી. અમે બધા યાત્રા કરીને આવેલા તેથી અમારું પણ ફૂલોથી અભિવાદન કર્યું. પૂજ્યશ્રીએ આશીર્વચન આપતાં કહ્યું કે ''યાત્રાએથી પાછા ફરતાં પ્રથમ પૂજનનો લાભ શ્રી અમૃતભાઈએ અને મહામના મધુબેને લીધો છે. વળી આજે તેમની લગ્નતિથિ પણ છે. ઓમ્‌ભગવાન તેમના ઉપર ઘણી કૃપા વરસાવે.''

બધા ખૂબ થાક્યા હતા તેથી વહેલા સૂઈ ગયા. સવારે દિલ્હી-દર્શને જવાનું હતું તેથી વહેલા ઊઠી અમે સૌ તૈયાર થઈ ગયા. દિલ્હી-ટૂરિઝમની બસ કોનોટસર્કલથી ઊપડે છે. તેથી અમૃતભાઈના ઘરેથી નીકળી અમે કોનોટસર્કલ ગયા. લગભગ સાડા આઠ વાગ્યે અમે બસમાં ગોઠવાયા અને બસ ઊપડી.

સર્વ પ્રથમ પાર્લામેન્ટ -સ્ટ્રીટ થઈ અમે જંતર-મંતર પહોંચ્યા. ઈ.સ. ૧૭૨૪માં સયાજીરાવ બીજાએ આ જંતર-મંતર બનાવેલું. આવું જંતરમંતર જયપુર, વારાણસી અને બીજા એક સ્થળે એમ કુલ ચાર જગ્યાએ છે. જંતર-મંતરમાં અમે જયપ્રકાશ યંત્ર જે બે ગોળાકારમાં છે તે જોયું. તેના ઉપરથી જન્મકુંડળી તૈયાર થાય છે. જંતરમંતરથી નીકળી અમે ગુરુદ્વારા ગયા. રિવાજ મુજબ માથે કપડું બાંધી અમે અંદર પ્રવેશ કર્યો. ગ્રંથસાહેબનાં દર્શન કરી પ્રદક્ષિણા કરી. પ્રસાદમાં ગરમાગરમ શીરો ખાધો. ગુરુદ્વારામાં એક માતાજીને પૂજ્યશ્રીએ ભેટ આપી. ત્યાંથી લક્ષ્મીનારાયણ મંદિરે ગયા. મંદિરમાં લક્ષ્મીનારાયણ ઉપરાંત અંબાજી, ગણપતિ અને હનુમાનજીની સુંદર મૂર્તિઓ હતી. ગીતાભવનમાં વિષ્ણુભગવાનની મૂર્તિ હતી. લક્ષ્મીનારાયણના મંદિરેથી અમે નહેરુ પ્લેનેટોરિયમ થઈ તીનમૂર્તિ માર્ગ ઉપર ગયા. રસ્તાની બંને બાજુએ વસેલી જુદા જુદા દેશોની એમ્બેસી અમે બસમાંથી જોઈ. તીનમૂર્તિ માર્ગ ઉપરથી પસાર થઈ અમે ઇન્ડિયા કોટેજ ઇન્ડસ્ટ્રીઝ જોવા ગયા. અહીં હસ્તકલા કારીગરીની ઘણી વસ્તુઓ બનતી તથા વેચાતી હતી. તે બધું જોઈ અમે કુતુબમિનાર જોવા ગયા. કુતુબમિનાર બહારથી જ જોયો કારણ કે હવે મિનારા ઉપર જવાની મનાઈ છે.

કુતુબમિનાર જોઈ અમે બસમાં ગોઠવાયા. બસ અમને બહાઈ-ઉપાસના -મંદિરે લઈ ગઈ, જેને લોટસ-ટેમ્પલ પણ કહે છે. ખૂબ ગરમી હતી. બૂટ-ચંપલ કાઢીને ચાલવાનું હતું તેથી પગ દાઝતા હતા. મંદિર ખૂબ સુંદર અને સ્વચ્છ હતું. સ્થાપત્યકલાનો બેનમૂન નમૂનો હતો. મંદિરની ચારે બાજુ હરિયાળી છે. જુદા જુદા અનેક પ્રકારનાં ફૂલઝાડ વાવેલાં છે. મંદિરની ફરતે ચારે બાજુ નાનાં સરોવર બનાવેલાં છે અને વચ્ચે ખૂબ જ મોટો બહારથી કમળ આકારનો હોલ છે. હોલમાં કોઈને કાંઈ પણ બોલવાની મનાઈ છે. લોટસ ટેમ્પલનું બારીકાઈથી અવલોકન કરી અમે ઇન્ડિયા-ગેટ પાસે થઈ આગળ વધ્યા. બપોરના ખાણાનો સમય થયો હતો. નિયત સમયે નક્કી કરેલા રેસ્ટોરન્ટ પાસે બસ ઊભી રહી. અમે સૌ જમ્યા.

જમવાનો કાર્યક્રમ પત્યો એટલે બસ લાલકિલ્લા તરફ ગઈ. લાલકિલ્લામાં ગાઈડે અમને દિવાને આમ અને દીવાનેખાસ બતાવ્યા. શાહજહાંએ બનાવેલી મસ્જિદ પણ બતાવી. લાલકિલ્લાની આ ઐતિહાસિક ઇમારત જોઈને અમે રાજઘાટ ગયા. રાજઘાટ એટલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધિ. ગાંધીજીની સમાધિનાં દર્શન કરતા હતા ત્યારે ભારત દેશની સ્વતંત્રતાની લડતની વાતો તાજી થઈ ગઈ. રાજઘાટથી નીકળી અમે શાંતિવન ગયા જ્યાં પંડિત જવાહરલાલ નહેરુની સમાધિ જોઈ. ત્યાંથી શક્તિસ્થલ ગયા જ્યાં ઈંદિરાજીની સમાધિ જોઈ.

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

આ રીતે દિલ્હી-દર્શનનો અમારો કાર્યક્રમ પૂરો થયો. ઘણો થાક લાગ્યો હતો તેથી અમે સીધા અમૃતભાઈના ઘેર ગયા. ભોજનપ્રસાદ લઈ પ્રણવવંદના ગાઈ અમે સૂઈ ગયા.

તા.૩૦-૫-૯૦ ના દિવસે અમે બધા પૂ. મુક્તાનંદબાબાનાં પરમ શિષ્યા પૂ. અમ્માનો જયગુરુદેવ આશ્રમ જોવા નીકળ્યા. આશ્રમે પહોંચતાં પૂજ્યશ્રીએ પૂ. અમ્માને જયનારાયણ કર્યા. અમ્માએ પણ ભાવવિભોર થઈ પૂજ્યશ્રીને નારાયણ કર્યા. અમે બધા અમ્મા અને પૂજ્યશ્રી સાથે એક હોલમાં પ્રવેશ્યા જ્યાં પૂ. મુક્તાનંદબાબાની પ્રતિમા હતી.બાજુમાં એક શિવલિંગ હતું. તે હોલમાં જ પૂજ્યશ્રીએ અમ્માને અમારા સૌની ઓળખ આપી. અમ્માએ અમને આખો આશ્રમ બતાવ્યો. થોડી સત્સંગની વાતો થઈ. પૂજ્યશ્રીએ અમ્માને ઓ.પ્રે.પ.ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પુસ્તકો ભેટ આપ્યાં. પૂ.અમ્માએ જણાવ્યું કે આશ્રમની પાંચ એકર જમીનમાં ખેતી થાય છે. આ ઉપરાંત સફરજનની મોસમમાં ખૂબ સફરજન થાય છે. આશ્રમની જમીનમાં અનાનસ અને ફણસનાં પણ બહુ ઝાડ હતાં. અમ્મા સૌને તેમની સાધના રૂમમાં લઈ ગયાં. રૂમ સ્વચ્છ અને સુંદર હતો. રૂમમાંનું વાતાવરણ દિવ્ય હતું. તેમણે આશ્રમના માણસને બોલાવી બધા માટે શરબત બનાવડાવ્યું.પૂજ્યશ્રીએ માત્ર પાણી જ લીધું.

પૂજ્યશ્રીએ હસતાં હસતાં અમ્માને કહ્યું કે ''મને ગંગોત્રીથી પાછા આવતાં નાગાબાવા ભેટ્યા તેથી મારી આશ્રમ બનાવવાની થોડી ઘણી જે ઇચ્છા હતી તે પણ મરી પરવારી.'' અમ્માએ પૂજ્યશ્રીને પૂછ્યું કે તેઓ હજી 'ધર્મમેઘ'માં જ રહે છે? પૂજ્યશ્રીએ હા કહી. જયગુરુદેવ આશ્રમમાં અમે સત્ય -ધર્મ ગુરુદેવની જય બોલાવી અને પાછા આવવા નીકળ્યા. પૂ.અમ્મા છેક ઝાંપા સુધી અમને મૂકવા આવ્યાં. તેઓ બહુ ભાવવિભોર થઈ ગયાં હતાં. કારણ કે પંદર વર્ષે પૂજ્યશ્રીને મળ્યાં હતાં. અમ્માને નારાયણ કરી, આશ્રમેથી નીકળી અમે સૌ કાત્યાયિની મંદિરે ગયા. અદ્યતન મંદિર હતું દર્શન કરી અમે પાછા અમૃતભાઈના ઘેર જવા નીકળ્યા. બપોરે ઘેર પહોંચ્યા. ભોજન કર્યું. સાંજે અમદાવાદ જવા નીકળવાનું હતું તેથી સામાન પેક કરી લીધો. સાંજે લગભગ સાડા પાંચ વાગ્યે સ્ટેશને આવ્યા. સ્ટેશને આશ્રમ એક્સપ્રેસ તૈયાર ઊભો હતો. સૌ ગાડીમાં ગોઠવાયા. આશ્રમ એક્સપ્રેસ બરાબર છ વાગીને દસ મિનિટે ઊપડ્યો.

રસ્તામાં રેલવે ટ્રેક ઉપર કંઈ ગરબડ થવાથી અમારે બે કલાક ખોટી થવું પડ્યું. તા.૩૦-૫-૯૦ના દિવસે અમદાવાદમાં વરસાદ પડેલો. આ વાત અમને આબુરોડ સ્ટેશને જાણવા મળી. પ્રકૃતિએ પણ અમને સાથ આપ્યો. નહીં તો ઉત્તરભારતની યાત્રાએથી પાછા ફરીએ ત્યારે અમદાવાદની ગરમી કેવી રીતે સહન થાય!

આશ્રમ એક્સપ્રેસ બરાબર ૧૧-૨૫ કલાકે અમદાવાદ સ્ટેશનના પ્લેટફોર્મ નં-૧૨ ઉપર આવ્યો, ઓમ્ પરિવારનાં ઘણાં ગુરુભાઈબહેનો પૂજ્યશ્રીનું સ્વાગત કરવા, પૂજ્યશ્રીને સત્કારવા સ્ટેશને આવેલાં. પૂજ્યશ્રીની આજ્ઞાથી સૌ 'ધર્મમેઘ (પૂ.શ્રીના નિવાસસ્થાને) આવ્યાં. પૂજ્યશ્રીએ જણાવ્યું કે જો આપણો આશ્રમ હોત તો આજે આપણે બધા સાથે રહેત. 'ધર્મમેઘ'માં મોટાભાઈ તથા ટીકુબેને પૂજ્યશ્રીનું સ્વાગત કર્યું. પૂજ્યશ્રીએ બધાંને સંબોધીને કહ્યું કે ''યાત્રાની સાચી સફળતા, યાત્રાનું સાચું ફળ, યાત્રા દરમ્યાન થયેલા અનુભવોને જીવનમાં ઉતારવાથી મળે છે.''

અમે બધા આનંદમગ્ન બની, ભવિષ્યમાં આવો આનંદ ફરી ક્યારે મળશે તેનો વિચાર કરતા કરતા પોતપોતાને ઘેર ગયા. આમ ગંગોત્રીની આધ્યાત્મિક યાત્રા સંપન્ન થઈ. (સંપૂર્ણ)

**॥ સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય ॥**

॥ ૐ ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# ઓમ્ પરિવારના ઉત્સવ-૨૦૨૫

| કથા પ્રસંગ નિમિત્તે | સ્થળ | ઊજવવાની તારીખ |
|---|---|---|
| પ.પૂ. ગુરુદેવશ્રી<br>નિર્વાણ દિવસ | **જ્યાં નક્કી થાય ત્યાં** | ૨૪-૦૨-૨૦૨૫<br>સોમવાર<br>સવારે ૧૦ થી ૧ |
| મહાશિવરાત્રી<br>નિમિત્તે | કુસુમ હરનાથ મંદિર,<br>અમરેશ્વર મહાદેવની સામે, વાસદી દરવાજા,<br>ઉમરેઠ-પ્રકેશ રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ | ૦૨-૦૩-૨૦૨૫<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી<br>નિમિત્તે | અનિલભાઈ ગોવિંદભાઈ એન. પ્રજાપતિ<br>સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી<br>અંકુર ચાર રસ્તા,<br>નારણપુરા, અમદાવાદ-૯ | ૧૩-૦૪-૨૦૨૫<br>રવિવાર<br>સવારે<br>૮.૩૦ થી ૧૧ |
| ગુરુપૂર્ણિમા | **જ્યાં નક્કી થાય ત્યાં** | ૧૦-૦૭-૨૦૨૫<br>ગુરુવાર<br>સવારે ૮ થી ૨ |
| ઓમ્ ગુરુદેવ<br>જયંતી | **જ્યાં નક્કી થાય ત્યાં** | ૧૬-૧૦-૨૦૨૫<br>ગુરુવાર<br>૪.૩૦ થી ૮ |
| બેસતુ વર્ષ | સુમન સજની હોલ<br>સોમેશ્વર મહાદેવ પાસે,<br>હિરાભાઈ ટાવર પાસે, ભાડવાતનગર,<br>મણીનગર, અમદાવાદ-૮ | ૨૨-૧૦-૨૦૨૫<br>બુધવાર<br>સવારે ૮ થી ૯ |
| શ્રી ગુરુદેવ જન્મ<br>જયંતી મહોત્સવ | **જ્યાં નક્કી થાય ત્યાં** | ૩૦-૧૧-૨૦૨૫<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન<br>સાધના શિબિર<br>નિમિત્તે | 'નિર્વિકલ્પ મુક્તિધામ'<br>નાથાભાઈ એ. પટેલના ખેતરમાં,<br>મુ. પલિયડ (વેડા),<br>તા. કલોલ, જિ. ગાંધીનગર | ૨૮-૧૨-૨૦૨૫<br>રવિવાર<br>સવારે ૧૦ થી ૨ |

**નોંધ :** ઓમ્ ભગવાનની કૃપાથી આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ ઊજવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. **ઉત્સવ વિશેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલા મેળવી લેવી જરૂરી છે.** અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લકઝરી બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં બસભાડાના પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે. મો. **93136 75728**

**ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.**

**॥ સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી ॥**

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

## ● ટ્રસ્ટના ઉદ્દેશો

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવાનો પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે સાહિત્ય દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનો પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

To,

લવાજમ મોકલવાનું કે રુતમ્ભરાને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :


તંત્રીશ્રી,
'રુતમ્ભરા' સામયિક,
ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
સી-૩૯, રવિકુંજ એપાર્ટમેન્ટ,
પ્રભાત ચોક, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
9825443642


**લવાજમદર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય *(ભારતમાં)* ... | ₹ | ૫૦૦-૦૦ |
| ત્રિવાર્ષિક સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૫૦-૦૦ |
| આજીવન સભ્ય *(પરદેશમાં)* ... | $ | ૧૫૦-૦૦ |

**સૂચના :-**

(૧) લવાજમ ચેક, ડ્રાફ્ટ અથવા મનીઓર્ડર દ્વારા "ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરુ નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવાં.

(૨) જે સભ્યના રહેઠાણનું રુતમ્ભરા અંક મોકલવાનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરુ સરનામું L.M. નંબર સાથે લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકો દ્વારા અંક મોકલવામાં સરળતા રહે.


E-mail : aumparivar@yahoo.com
Mob. : 9313675728



Registrar of News Papers of India
under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91
**Published on Every 3 Months**


**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**


PRINTED & PUBLISHED BY :-

**AUMGURU PREMSAMARAPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)

**From** : C-39, Ravikunj Apartment, Ghatlodia, Ahmedabad-61.
**Printed at** : Shardul Printing Press
**Hon. Editor** : Minish Patel

I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09


*"ભૌતિકતાને ભગાડીએ,*
*આત્મિકતાને આરાધીયે.*
*જીવ સર્વેને સન્માનીએ,*
*તો શાંતિને પામીએ."*


Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar